*For Private Circulation Only*

# B.P.A. Bulletin

Devoted to Comprehensive Development Of Persons with Disabilities

YEAR 2022-23 ▲ VOLUME : II ▲ JULY-2023

(This Bulletin is available on website : www.bpaindia.org)

BULLETIN

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## નૂતન આંખ હોસ્પીટલ વાત્રક શુભારંભ



સાબરકાંઠા જિલ્લાનાં અંતરિયાલ વિસ્તારનાં આંખનાં જરૂરિયાતમંદ દર્દીઓને પોતાનાં પ્રાંગણ વિસ્તારમાં સુવિધા પ્રાપ્ત થાય તે ઉમદા હેતુસર શ્રીમતિ બેલાબેન અને શ્રી યોગેશભાઈ પટેલ દ્વારા આંખની હોસ્પીટલનું ઉદ્‌ઘાટન તારીખ : ૧૨-૦૭-૨૦૨૩ નાં રોજ વાત્રક, જિ : અરવલ્લી ખાતે બપોરે : ૦૩.૩૦ કલાકે ગુજરાત રાજ્યનાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં વરદ્ હસ્તે થી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ હોસ્પીટલનાં પ્રોજેક્ટ કાર્યનાં સહયોગી બીપીએ તેમજ શ્રી કે.કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ અને સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદનાં સંયુક્ત ઉપક્રમે બનાવવામાં આવી છે.

આ આંખની અદ્યતન હોસ્પીટલની વિશેષતાઓમાં દર્દીઓને સુવિધાઓ રહે તે માટે આ હોસ્પીટલ બે માળની તૈયાર કરવામાં આવી છે. હોસ્પીટલમાં રીસર્ચ ટ્રેનીંગ સેન્ટર, ઓપીડી, ચિકિત્સા , રૂમ, સ્ટાફ ક્વાર્ટર્સ, ભોજન શાળા, ઓપરેશન થીયેટર, સ્પે રૂમ, દર્દીઓ માટે વોર્ડરૂમ તેમજ ઓપરેશન થિયેટરમાં અદ્યતન લેમીનેર, મોડ્યુલર સિસ્ટમથી સજ્જ તૈયાર કરવામાં આવી છે. આ હોસ્પીટલમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા તેમજ આસપાસનાં વિસ્તાર અને રાજસ્થાન સરહદનાં ગ્રામ્ય વિસ્તારનાં જરૂરીયાતમંદ દર્દીઓને ખૂબજ સરળતાથી અદ્યતન આંખની સાર-સંભાળ વિના મૂલ્યે પ્રાપ્ત થશે.

કે. કે. શાહ આરોગ્ય મંડળ વાત્રક દ્વારા ૯૧૮૧ સ્કવેર મીટરની જગ્યા વિના મૂલ્યે જે મોડાસા-બાયડ હાઈવે નજીક છે તેનું બાંધકામ થઈ ગયુ છે જેનું સંચાલન અંધજન મંડળ દ્વારા કરવામાં આવશે. અંધજન મંડળ હંમેશા આંખની સારસંભાળ સમયસર થાય અને અંધત્વ અટકે તેના માટે તત્પર રહે છે. બીપીએ દ્વારા આ હોસ્પીટલનાં નામકરણ માટે યુ.એસ.એનાં દાતાશ્રી બેલાબેન યોગેશભાઈ શાહ અને દિનેશભાઈએ બિલ્ડીંગ તૈયાર કરવામાં માતબર દાન પૈકી બે કરોડ રૂપિયા શ્રીમતી બેલાબેન અને યોગેશભાઈ પટેલે આપ્યુ છે. જ્યારે દોઢ કરોડ રૂપિયાનું માતબર દાન શ્રી શશીકાંતભાઈ પટેલ અને ગીતાબેન પટેલે તેમના પુત્ર શ્રી અચ્યુત પટેલની સ્મૃતિમાં આપી હોસ્પીટલ બિલ્ડીંગ બનાવવામાં સહયોગી રહ્યા છે.

બીપીએ દિવ્યાંગજનોનાં કાર્યમાં કાર્યરત સમગ્ર એશિયામાં અગ્રેસર છે. બીપીએની મુખ્ય ઓફીસ અમદાવાદ દ્વારા ગુજરાતમાં ૧૫ યુનિટનું સંચાલન કાર્ય કરે છે તેમજ દિન પ્રતિદિન વધુ સેન્ટરો બનાવી અંતરિયાલ વિસ્તારોમાં દિવ્યાંગજનોને સુવિધા ઉપલબ્ધ કરાવવામાં કટિબદ્ધ છે.

બીપીએ સંચાલિત બારેજા આંખની હોસ્પીટલ ૨૦૦૩ માં શરૂ કરી આજે એક લાખથી વધુ દર્દીઓનાં મોતિયાની શસ્ત્રક્રિયા તેમજ પાંચલાખથી વધુ ઓપીડીનાં દર્દીઓને જરૂરી દવાઓ, ચશ્મા તેમજ આંખ સાર-સંભાળ માટે માર્ગદર્શિત કર્યા છે. હોસ્પિટલ દ્વારા રેટિના, ગ્લુકોમા, મોતિયાની સારવારમાં મેજર માઈનોર શસ્ત્રક્રિયા કરી રહ્યા છે. સાબરકાંઠા મોતિયામુક્ત અભિયાન તળે ૨૦૧૧થી જિલ્લાનાં વિઝન સેન્ટર વિવિધ તાલુકાઓ પૈકી વાત્રક, મોડાસા, ભિલોડા, કલોલ , બાવળા, ધોળકા, માતર મહેમદાવાદ, ઉનાવા, નખત્રાણા, ઠાસરા તેમજ બીપીએમાં ચલાવવામાં આવી રહ્યા છે.

## બાલાશિનોર સેન્ટર શુભારંભ




"ઉર્જા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર"નું ઉદ્ઘાટન તારીખ : ૦૨/૦૮/૨૦૨૩ નાં રોજ કરવામાં આવ્યું હતું. તેમાં અતિથિ તરીકે પ્રાન્ત ઓફિસરશ્રી હિરેન ચૌહાણ, શ્રી એસડીઓ ભાર્ગવીબેન, શ્રીમતી નિધીરાજ પટેલ, ટીડીઓ શ્રી જુનેદ વકીલ, દાતાશ્રી તેમજ અન્ય આમંત્રિતો અને બીપીએ સ્ટાફ તેમજ ગ્રામ્યજનો બાલાશિનોર ખાતે ઉપસ્થિત રહ્યા હતાં.



## આકંક્ષા પુનર્વસન કેન્દ્ર ઉદ્ઘાટન





આકાંક્ષા રિહેબિલીટેશન સેન્ટરનું ઉદ્ઘાટન તારીખ : ૨૧-૦૯-૨૦૨૩ નાં રોજ માતોશ્રી અમિતાબેન મેડત અને શ્રી લક્ષ્મીપુરા યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન સમારોહમાં માનનીય ધારાસભ્યશ્રી અંકિતાબેન ઠાકર, પાલનપુર હાજર રહ્યા હતા. આ સેન્ટરમાં ૬૦ બહુ વિક્લાંગ તેમજ ૧૦૦ અલગ-અલગ દિવ્યાંગતા ધરાવતાં વ્યક્તિઓને સેવા સેન્ટર દ્વારા આપવામાં આવશે. આ સેન્ટરમાં સુંદર સેન્સરી પાર્ક તૈયાર કરવામાં બીપીએની ટીમનો સહયોગ રહ્યો છે. આ સમારોહમાં બીપીએનાં પ્રમુખશ્રી, જનરલ સેક્રેટરીશ્રી, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી તેમજ તમામ ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી આ જગ્યાએ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્મિત ડે-કેર સેન્ટર (ઉનાવા - ગાંધીનગર)



ગાંધીનગર પાસે આવેલા ઉનાવા ગામ ખાતે સ્મિત ડે-કેર સેન્ટરનું ઉદ્ઘાટન તારીખઃ ૧૧ જુલાઈ ૨૦૨૩ નાં રોજ સ્વામિનારાયણ મંદિર કાલુપુરનાં મહંતશ્રી પી.પી.સ્વામીશ્રી તેમજ સાબરમતી પુખરાજ હોસ્પીટલનાં ચેરમેનશ્રી નારણભાઈ બી. પટેલ, બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભુષણ પુનાની  તેમજ દહેગામ કેળવણી મંડળનાં પ્રમુખશ્રી મંગળદાસ પટેલ દિપ પ્રાગટ્ય કરીને સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો.



આ સેન્ટર વિદ્યાર્થી સંસ્કારમંડળ દ્વારા સંચાલિત આ સેન્ટરને જગ્યા પ્રાપ્ત થઈ છે.આ સેન્ટરમાં ગ્રામ્યનાં અને વિસ્તારનાં વિવિધ વિક્લાંગતા ધરાવતાઓટીઝમ, સી.પી, ઈન્ટેક્યુઅલ ઈમ્પેરમેન્ટ, બહુવિક્લાંગતા અને બધિરાંધ વ્યક્તિઓને સેવાઓ પુરી પાડવામાં આવશે.

## સંમ્મિલિત ચેસ ટુર્નામેન્ટ

દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓની સામાન્ય વિદ્યાર્થીઓ સાથે ચેસ સ્પર્ધા તા.૯ જુલાઈનાં રોજ બાવીસ દ્રષ્ટિક્ષતિ ચેસ સ્પર્ધકોની સાથે રહી હતી. આ સ્પર્ધામાં ખૂબજ ચીવટ અને ધ્યાન મગ્નતાથી ચેસ સ્પર્ધકો સ્પર્ધામાં જોડાય રહ્યાં હતાં.

ગુજરાત રાજ્ય ચેમ્પીયન ચેસ સ્પર્ધા વેસ્ટ ઝોન વિઝ્યુઅલી ઈમ્પેરમેન્ટ ચેસ ચેમ્પીયનશીપ ગોવા ખાતે થઈ હતી. તેમાં બીપીએનાં ધોરણ ૧૨ નો વિદ્યાર્થી રાહુલ વાઘેલા તેમજ બીપીએ સેન્ટરનાં પાલડી સુમેરૂ સેન્ટરનાં ફિઝીયોથેરાપીસ્ટ ચેસ પ્લેયર ૭ રેન્કમાં રહેલ શ્રી ચિરંતન મેસરીયા રહ્યાં હતાં.







## તાન્યા કોમ્પ્યુટર સર્ટીફીકેટ એનાયત કાર્યક્રમ

બીપીએ દ્વારા સંચાલિત તાન્યા કોમ્પ્યુટર સેન્ટરની કન્વેન્સ સેરીમનીની ઉજવણી તા. ૦૩ જૂન ૨૦૨૩ નાં રોજ યોજાય હતી તેમાં ત્રણ માસની સફળ તાલીમ પૂર્ણ કરતાં તાલીમાર્થી વિદ્યાર્થીઓને ગવર્મેન્ટ પોલિટેકનીક, અમદાવાદનાં શ્રી ભાસ્કર અય્યર, મુખ્ય મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહી તેઓનાં વરદ્ હસ્તે  વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર તાલીમ સર્ટીફીકેટ એનાયત કર્યા હતા.







## રસોત્સવ આનંદો - ૨૦૨૩

દર વર્ષે "ઓલ ઈન્ડિયા ફલેગ ડે ફોર ધી બ્લાઈન્ડ" વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ અને બીપીએ તેમજ ગુજરાતમાં વિવિધ જગ્યાએ ચાલતા ત્રીસ કેમ્પસમાં શિક્ષણ, પુનર્વસન, રોજગાર મેળવતા દિવ્યાંગજનોની આંતરિક શક્તિ બહાર આવે અને તેનો વિકાસ થાય તે માટે ડાન્સીંગ, સંગીત ક્ષેત્રે તેમજ એકપાત્રીય, સામૂહિક પાત્રીય અભિનયમાં કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ તા. : ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩ નાં રોજ બપોરે ૦૨.૦૦ થી ૦૫.૦૦ કલાક સુધી પંડિત દિન દયાલ ઉપાધ્યાય, અમદાવાદ ખાતે એએમસી કોમ્યુનિટી હોલમાં અમદાવાદ ખાતે કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનાં શુભારંભ પ્રસંગે જીએલપીસી લિમીટેડનાં મેનેજીંગ ડાયરેક્ટર શ્રી મનિષ બંસલ ઉપસ્થિત રહીને દિવ્યાંગજનોને પ્રોત્સાહિત કર્યા હતા૮ તેમના બાળપણ શિક્ષણનાં આ જીવન પ્રસંગ યાદ કરાવીને આ દિવ્યાંગજનોને પ્રોત્સાહિત કર્યા હતા.જે તે સમયે દાતાશ્રીએ વર્ષ ૨૦૨૨-૨૩માં આપેલ દાનવીરનું સન્માન પણ કર્યુ હતું. આ દાનવીરશ્રી ઈન્ડોક્ટોથર્મ, મોન્ટેકાર્લો લિમિટેડ, નવીન ફ્લોરીન, એસ્ટ્રલ પાઈપ્સ લિમીટેડ કંપની તરફથી રહ્યા હતા. આ કાર્યક્રમનાં સૌજન્ય શ્રી ઉપેન્દ્ર શાહ તેમજ શ્રીમતિ પુર્ણિમાંબેન ઉપેન્દ્રભાઈ શાહ, શાહ ઈન્વેસ્ટર્સ હોમ લિમીટેડ રહ્યા હતા તેમજ આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો, દિવ્યાંગજનો, સેન્ટરોનાં કર્મચારીશ્રીઓ, વાલીશ્રીઓ ઉપસ્થિત રહી રસોત્સવને રસપ્રદ માણ્યો હતો.
















## શાળા - પ્રવેશોત્સવ - ૨૦૨૩

સવિનય સમ્મિલિત વિદ્યાલય, બાવળા ખાતે તારીખ : ૮ જુલાઈ-૨૦૨૩ નાં રોજ રંગબેરંગી સુશોભિત કપડામાં શિક્ષણ મેળવવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં દાતાશ્રી પ્રવિણ મંદાકીની ભગવતી ઉપસ્થિત રહ્યાં હતા.



## એવોર્ડ - નાઝ

બીપીએ સંચાલિત બીપીએ એમ.એસ.એમ નાઝ સેન્ટર એવોર્ડ માટે પસંદગી પામેલ સરસ નિવાસી ઈન્સ્ટીટ્યુટમાં દિવ્યાંગજન જે.જે.સી.ટી દ્વારા તા. ૫ મી જૂને સેન્ટરનાં મહેન્દ્રભાઈ અને જીજ્ઞાબેને એવોર્ડ સ્વીકાર્યો હતો.



## ડિજીટલ લાયબ્રેરી

નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, ભૂજ અને એન.એ.બી, છોટા ઉદેપુરમાં હાર્ડવેર અને સોફ્ટવેરની લાયબ્રેરી આઈસીઈવીઆઈ દ્વારા ડિજીટલ લાયબ્રેરી દ્રષ્ટિહીનો માટે શરૂ કરવામાં આવી છે.

## ટ્રાઈસિકલ સંદેશ



સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) દ્વારા આયોજીત કાર્યક્રમ "ટ્રાઈસિકલ રેલી આનંદિત" અંતર્ગત જનજાગૃતિનો સંદેશો - દિવ્યાંગજનો નાં હિતાર્થે કર્યો હતો. આ કાર્યક્રમ વિભૂતિશ્રી હેલન-કેલરનાં જન્મદિન અંતર્ગત તારીખ : ૧૫ જૂનનાં રોજ કરવામાં આવ્યો તેમાં બધિરાંધની કાળજી વિષયકજાગૃતિ સહ રેલી સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ બીપીએનાં કેમ્પસથી આયોજીત કરવામાં આવ્યો હતો.



## એનલોગ ડિવાઈસ - ગાંધીનગર

બીપીએમાં આવેલા વિઝન-ઈન-ધી-ડાર્કમાં એનલોગ ડિવાઈસ ગાંધીનગરનાં ૨૩ કર્મચારીશ્રીઓએ અડધો દિવસ મુલાકાત લઈને ઓફિસમાં કાર્યરત શ્રવણમંદ કર્મચારીશ્રીનાં રસપ્રદ કાર્યથી પ્રભાવિત થયા હતા.





## સંમિલિત સ્કુલમાં નોટબુક વિતરણ

નિકુંજ ગૃપ દ્વારા બીપીએ સંચાલિત સંમ્મલિત પાઠશાળા, નાઝ તેમજ સવિનય સ્કુલ, બાવળામાં વિદ્યાર્થીઓને ૩૫૦૦ પુસ્તકો અને ૪ હજાર નોટબુકનું વિતરણ ધો ૧ થી ૮ નાં વિદ્યાર્થીઓને તારીખ : ૬ જૂન નાં રોજ કરવામાં આવ્યુ હતું.



## મીટીંગ








ડી.પી.વર્લ્ડ દ્વારા મહાદાન, ભૂજ યુનિટને તારીખ : ૦૯-૦૬-૨૦૨૩નાં રોજ આપતાં ડૉ. ધર્મેન્દ્ર જૈના, ડેપ્યુટી ડાયરેક્ટર, હેલ્થ, શ્રી સૌમેન મેતી, મેનેજર, વિઝન સેન્ટર, શ્રી અરવિંદસિંહ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર-ભૂજ તેમજ બીપીએનાએકાઉન્ટ શ્રી જીગ્નેશ તિરગર ડી.પી વર્લ્ડની મીટીંગમાં હાજર રહ્યા હતાં.

## એજ્યુકેશન લીડરશીપ પ્રોગ્રામ

બીપીએમાં કાર્યરત પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી મિહીર જાની, પર્કિન્સ સ્કુલ ફોર ધી બ્લાઈન્ડ, યુ.એસ.એ માં ૯ માસની તાલીમમાં રહ્યાં હતાં. તેઓએ તાલીમ પૂર્ણ કરીને પરત બીપીએ મે-૨૦૨૩માં આવ્યાં છે. તેઓએ તેમનો વિદેશ શિક્ષણનો અનુભવ અને પર્કિન્સ સ્કુલ તાલીમ યુ.એસ.એ અંગે પ્રેઝન્ટેશન ૅતા. ૭ જૂન ૨૦૨૩ નાં રોજ આપ્યું હતું.




## વૃક્ષારોપણ

બીપીએનાં કેમ્પસમાં તારીખ : ૧૦ જૂને શ્રી મયંક શુક્લા, શ્રી દિક્ષિતભાઈ અને શ્રીમતિ રેન્સીબેન - ગોદરેજ અને બોયસી મેન્યુ. કંપની લિમિટેડ દ્વારા વૃક્ષારોપણ દિવ્યાંગજનોનાં વરદ્હસ્તે કરાવ્યું હતું.






કર્ણાવતી હોસ્ટેલ ગર્લ્સ ખાતે તારીખ ૫, જૂને પર્યાવરણ દિને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



## મહિલા સશક્તિકરણ કાર્યક્રમ





દિવ્યાંગ બહેનોના તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી મુકેશ ઓઝા ચેરમેન, સમસરા ગૃપ - જસદણ દ્વારા બહેનોને તાલીમ માટે ૧૫ સિવણ મશીન પાટીદાર શિક્ષણ કોમ્પલેક્ષમાં શ્રી તાહીરભાઈ સમસરાગૃપ તેમજ બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ, ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોશી, તેમજ શ્રી લાભુભાઈ સોનાણી એન.એ.બી, ભાવનગરથી ઉપસ્થિત રહ્યાં હતાં જ્યારે વર્ચ્યુઅલનાં માધ્યમથી બીપીએનાં ડો.ભૂષણ પુનાની અને શ્રી વિમલબેન રહ્યાં હતાં અને ખાસ કરીને મુકેશભાઈ તો દરેક શુભારંભ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ અથવા પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને દિવ્યાંગજનોને પ્રોત્સાહીત કર્યા છે .

## હેલનકેલર દિવસ ઉજવણી









બીપીએ ના તાલીમાર્થી દ્વારા બધિરાંધ દ્વારા તૈયાર કરવામાં આવેલ વોકેશનલ ચીજવસ્તુઓ તેમજ ઘણીબધી જનજાગૃતિ પ્રવૃતિઓની જાણકારી વન નેશન, મોલમાં અમદાવાદ ખાતે પ્રદર્શન સેલનું વેચાણ કરવામાં આવ્યું હતું.

## યુનિસન ફાર્મા ઈ.વી ટ્રાઈસિકલ દાતાશ્રી

જરૂરિયાતમંદ શારિરીક દિવ્યાંગજનોને આવનજાવનમાં કોઈ તકલીફ ન પડે તે માટે યુનિસન ફાર્મા કંપનીનાં માલિકશ્રી નિતિનભાઈ પટેલ પાંચ દિવ્યાંગજનોને બેટરી દ્વારા સરળ સંચાલિત ટ્રાઈસિકલ જે ૩૦ કિ.મી ચાર્જીંગથી ચાલે છે તેમજ તેની કિંમત શરૂઆતમાં ૩૦,૦૦૦ રૂ. થાય છે.આમ આ પાંચ ટ્રાઈસિકલ તારીખ : ૦૮/૦૬/૨૦૨૩ નાં રોજ શ્રી નિતિનભાઈ નાં વરદ્દહસ્તે આપી હતી.




## સ્માર્ટ ગ્લાસ વિતરણ

દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓને લેખનકાર્ય, ઓળખકાર્ય, એન્ડ્રોઈડ સ્માર્ટ એપ દ્વારા થાય તે માટે ડિવાઈસને ડેવલપ કરવામાં આવી રહી છે. આ ગ્લાસની પડતર કિંમત રૂ.૭ હજાર છે. ત્યારે દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને આ ચશ્મા મફતમાં મળે તે માટે દાતાશ્રી રોહિતભાઈ શાહના મિત્ર કૌશિકભાઈ દ્વારા રૂ.૭૭૦૦૦ નું માતબર દાન સ્માર્ટ ક્લાસ માટે તારીખ : ૧૨/૦૬/૨૦૨૩ નાં રોજ આપ્યું હતું.





## ડી.ડી.યુ-જી.કે.વાય સેન્ટર શુભારંભ

ડીડીયુજીકેવાય પ્રથમ બેચનાં વિદ્યાર્થીઓ ને શૈક્ષણિક કીટ આપી. કમિશ્નરશ્રી અને સેક્રેટરીશ્રી રૂરલ ડેવલપમેન્ટનાં માનનીય કમિશ્નરશ્રીએ આમંત્રિત મહેમાનશ્રી શ્રીમતી મનિષા ચંદ્રાએ તેમનાં વરદ્ હસ્તે સેન્ટરનો શુભારંભ પ્રસંગે તા. ૦૨-૦૯-૨૦૨૩નાં રોજ કરી હતી. આ સમયે આમંત્રિત મહેમાનોમાં જીએલપીસી લિમીટેડનાં મેનેજીંગ ડિરેક્ટર શ્રી ડૉ.મનિષ બંસલ તેમજ બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભુષણ પુનાની, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ, ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરતજોષી તેમજ શ્રી રાજેશ્વરી શ્રીમાળી અને ડીડીયુ-જીકેવાયનાં કર્મચારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.




## પર્કિન્સ અધિકારી મુલાકાત



પર્કિન્સા ઈન્ડિયા દ્વારા સંમ્મિલિત શિક્ષણનાં કાર્યક્રમ અંતર્ગત અનુરાધાબેન તેમજ શ્રીમતિ સંપદા સેવડે એક્ઝીક્યુટીવશ્રીએ પર્કિન્સ ઈન્ડિયા ટ્રસ્ટ દ્વારા બીપીએની મુલાકાતમાં સંમ્મિલિત શિક્ષણનાં મોડલ પ્રોગ્રામ માટે એમ.ઓ.યુ કરવા સંમતિ દર્શાવી હતી. આ સમયે બીપીએનાં સ્પે. એજ્યુકેટર શ્રીમતિ કૃપાબેન વેલાણી, કો-ઓર્ડિનેટરશ્રી જિજ્ઞાબેન જોષી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## એક્સપોઝર મુલાકાત



એસ.એન.ડી.ટી યુનિવર્સિટીનાં સ્પે. એજ્યુકેશનનાં વિદ્યાર્થીઓ એ છ દિવસનાં તાલીમ કાર્યક્રમમાં આવ્યા હતા. તેમાં તેઓએ તારીખ ૧૫, મી જૂને બીપીએનાં અલગ-અલગ વિભાગો માં દિવ્યાંગજનોનાં શિક્ષણ, પુનર્વસનની કાર્યશેલી તેમજ ગ્રામ્ય વિભાગો તેમજ મેનેજમેન્ટ પ્રોગ્રામની મુલાકાત લીધી હતી.

## આઈ.આઈ.એમ.એ મુલાકાત



આઈઆઈએમએનાં એક્ઝીક્યુટીવ પ્રોગ્રામ સ્ટોરીઝ ફોર ગ્રોથ અંતર્ગત તારીખ ૧૪, જૂને વિઝન ઈન ડાર્ક - ની બીપીએમાં તેઓએ મુલાકાત લીધી હતી.

## વી.આઈ.ડી મુલાકાત

હોસ્પીટલ વ્યવસ્થાપન કાર્યક્રમ - ૨૦૨૩ અંતર્ગત આઈઆઈએમએનાં ઓફિસરશ્રીએ બીપીએ તેમજ વિઝન ઈન ધી ડાર્કની મુલાકાત લીધી હતી.



## ક્રિંડાગણ અર્પણ

ખુશીઓનું સરનામું-૧ : ડીસા બનાસકાંઠા ખાતે દિવ્યાંગ ભૂલકાઓ માટે ક્રિંડાગણમાં આનંદ માણી શકે તે માટે લપસણી, ઝુલાનું દાન દાતાશ્રી તમન્ના સુખદેવભાઈ ગેહલોત પરિવાર દ્વારા ડીસા સેન્ટરને આપવામાં આવ્યું હતું.



## સંવેદનશીલ જનજાગૃતિ કાર્યક્રમ




બધિરાંધ વિદ્યાર્થીઓ માટે તારીખ : ૨૮-૦૬-૨૦૨૩ નાં રોજ અદાણી વિદ્યામંદિર મકરબા ખાતે બીપીએનાં સ્પે. એજ્યુકેટર શ્રીમતિ કૃપા વેલાણી અને શ્રી ચૈતાલીબેન સાથે બે વિદ્યાર્થીઓએ વિદ્યામંદિરનાં વિદ્યાર્થીઓને જન-જાગૃતિ આપી હતી.

## રીજીયોનલ નેટવર્ક મીટીંગ



બીપીએ દ્વારા આયોજીત રિજીયોનલ નેટવર્ક અભિપ્રેરણા પ્રયાસ ઉડાન (વેસ્ટ)ની મીટીંગ તારીખઃ ૫ થી ૭ જુલાઈ - ૨૦૨૩ નાં રોજ આયોજીત કરવામાં આવી હતી. આ મીટીંગમાં નાણાંકીય સહયોગી તરીકે સેન્સ ઈન્ડિયા રહ્યાં હતાં.
જ્યારે આ મિટીંગમાં ૯૦ પાર્ટીસિપેટમાં, શિક્ષકશ્રીઓ, વાલીશ્રીઓ, પુખ્ત બધિરાંધ, પુખ્ત દ્રષ્ટિહીન મહિલાઓ મિટીંગમાં રહ્યાં હતાં. આ મીટીંગમાં મુખ્ય મુદ્દાઓ પૈકી જેમકે મેન્ટલ હેલ્થ, શારિરીક હેલ્થ, સેક્સ્યુઅલ હેલ્થ, મેન્ટ્રીયુલ હેલ્થ, એબ્યુસ, સામાજિક સ્ટોરી, સેફટચ, અનસેફટચ, સેક્સ્યુઅલ અંતર્ગત વિક્લાંગતા, વોકેશનલ પુનર્વસન અંતર્ગત કાર્યક્રમ માં મુદ્દાઓ રહ્યાં હતાં.

## ફિજીયો-સાધન-દાન



બીપીએનાં ફીજીયોથેરાપી સેન્ટરમાં તારીખ : ૧૦ જુલાઈનાં રોજ શ્રીમતી ઉર્મિલાબેન કલન્તરી દ્વારા પોર્ટેબલ અલ્ટ્રા સાઉન્ડ મશીન-દ્રષ્ટિહીન ફીઝીયોથેરાપીસ્ટને ઉપયોગી બની રહે તે માટે દાનમાં આપ્યું હતું.

## સાઈટ સેવર મુલાકાત








સાઈટ સેવરનાં શ્રી જતીનભાઈ તારીખ : ૭ જુલાઈનાં રોજ બારેજા તેમજ બીપીએ દ્વારા ટ્રકર્સ પ્રોજેક્ટ ભૂજ અને શહેરી આંખ સંભાળ કાર્યક્રમ સ્લમ્સ એરિયા અમદાવાદ ખાતે તેમજ ૧૦૦ ટ્રકર્સ કેમ્પ વિવિધ જગ્યાએ જેમકે કંડલા, ભૂજ, ગાંધીનગર, બરોડા ખાતે બીપીએ સાથે રહી સાઈટ સેવર દ્વારા ટ્રક ડ્રાઈવર્સ અને શાળા બાળકો અને ગ્રામ્યનાં જરૂરીયાતમંદ ગરીબજનો માટે આંખની સાર સંભાળ બાબતોનાં અંતર્ગત મુલાકાત લીધી હતી.

## એક્ઝીબીશન



બીપીએમાં કાર્ય કરતા દિવ્યાંગજનો દ્વારા યુનિટની ચીજવસ્તુઓનાં સેલનું એક્ઝીબીશન તા.૧૯-૦૮-૨૦૨૩ નાં રોજ ફેદરા સર્વિસ પ્રાઈવેટ લિ. થલતેજ, અમદાવાદ ખાતે યોજાયુ હતું. આ કાર્યક્રમમાં દિવ્યાંગજનોને તેમના કાર્ય સંદર્ભે પ્રોત્સાહિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો.

## સક્સેસ સ્ટોરી



દિવ્યાંગજનોનાં કાર્ય અંતર્ગત બીપીએમાં કાર્યરત કો-ઓર્ડિનેટરશ્રી જીજ્ઞાબેન જોશીની સફળતા જાણીતા પ્રસિદ્ધ લેખિકા વર્ષાબેન મજેઠિયાના પુસ્તકમાં હતી. તે સંદર્ભે તેઓને એ.એમ.એમાં તારીખ ૨૦, ઓગસ્ટનાં રોજ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

## અદાણી સહયોગ







અદાણી ગેસ કંપનીનાં ચેરમેન શ્રી પ્રણવ અદાણી ના જન્મ દિવસે બીપીએનાં કુશળ વોકશનલ તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ચીજ વસ્તુઓનો સેલ ગોઠવવામાં આવ્યો હતો. તેમાં અદાણી ગૃપનાં વિવિધ કંપની, સ્ટાફ, હોદ્દેદારોએ દિવ્યાંગજનોનાં આ યુનિટને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમયે અદાણી ગૃપનાં ચેરમેનશ્રી પ્રણવ અદાણીએ જન્મદિવસે દિવ્યાંગજનોને ગીત, ડાન્સ રજૂ કરતા અને વિવિધ આંતરિક શક્તિઓની કુશળતાને નિહાળતાં અદાણીગૃપનાં ચેરમેનશ્રીએ ત્રણ લાખ રૂનું માતબર દાન કર્યું હતું.

## સ્વાભિમાન ડી.જે.નાઈટ - બીપીએ



સ્વાભિમાન ગૃપ દિવ્યાંગજનોને હંમેશા મદદરૂપ રહ્યા છે. આ ગૃપ દ્વારા જરૂરીયાત મંદ ૩૦૦, દિવ્યાંગજનોને તારીખ બીજી સપ્ટેમ્બર ૨૦૨૩ નાં રોજ સાધનો વહેચ્યાં હતા તેમજ ગૃપ દ્વારા તેઓએ તા. ૨૨ જુલાઈ ૨૦૨૩ નાં રોજ ડી.જે નાઈટનું આયોજન બીપીએનાં પ્રાંગણમાં કર્યું હતું. આ સમયે સમગ્ર ગુજરાતનાં દિવ્યાંગ સેન્ટરનાં દિવ્યાંગજનોએ ભાગ લઈને ડી.જે.નાઈટમાં આનંદ માણ્યો હતો.





**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106
**E-Mail**: gensecbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની, સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ

## ONLINE SUPPORT - A Click away

Now you can donate to BPA online, just click on http://www.bpaindia.org/donation.php we have tied up with PayU Gateway for online donation. We accept donation through Credit / Debit Card Also.

You can Donate through G Pay / Paytm

Give India : http://www.giveindia.org/m-31-blind-peoples-association-india.aspx

HDFC Online : https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

Voice of SAP : www.voiceofsap.org

Global Giving : http://www.globalgiving.org/projects/seeing-is-believing/

Razorpay: bpaindia.org/donate-with-razorpay

Positive Sight : http://www.bpaindia.org/PS.htm

Pan India donation to BPA

Danamojo: http://www.bpaindia.org/danamojo.php

Milaap: https://milaap.org/fundraisers/support-education-and-rehabilitation-services-to-children-with-disabilities